# બહાર કેવી રીતે નીકળવું તે જાણો

**હોક્સબરી-નેપિયન ખીણમાં પૂરના સમયે બહાર નીકળવાના માર્ગો**

હોક્સબરી-નેપિયન ખીણમાં બહુ ટૂંકી ચેતવણી સાથે પૂર આવી શકે છે. તત્કાળ ખાલી કરવા માટે ચેતવણી પછી તમારી પાસે બહાર નીકળવા માટે માત્ર થોડા કલાકો જ હોય શકે છે. તમારે તૈયાર રહેવાની અને તમારા બહાર નીકળવાના માર્ગોથી જાણકાર રહેવાની જરૂર છે.

## ક્યારે અને કેવી રીતે નીકળવું તે જાણો

હોક્સબરી-નેપિયન ખીણમાં નુકસાનકારક અને ભયંકર પૂરનો લાંબો ઇતિહાસ છે. તમારે તમને, તમારા પરિવારને અને પાલતું પ્રાણીઓને સુરક્ષિત રાખવા માટે ખાલી કરાવવાના કોઇપણ દિશાનિર્દેશો સહિત, બધી સલાહ અને કટોકટીની ચેતવણીઓનું પાલન કરવું જરૂરી છે. સામાન્ય રીતે, તમે તમારી આજુબાજુ પૂરના પાણીનાં કોઇ ચિન્હો જુઓ તે પહેલાં, ઘણું વહેલાં ખાલી કરવાનું કહેવામાં આવશે. એકવાર તમને ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યા પછી તમારા ઘરમાં રહેવું અને આશ્રય લેવો સલામત નથી.

ખાલી કરવાના આદેશો અને કયા માર્ગો ખુલ્લાં છે તે વિશે જાણવા માટે તમારા સ્થાનિક અને એબીસી રેડિયોને સાંભળો, એનએસડબ્લ્યુ એસઇએસ વેબસાઇટ પર જુઓ, અથવા એનએસડબ્લ્યુ એસઇએસ ફેસબુક અથવા એનએસડબ્લ્યુ પોલિસ ફેસબુક અને ટ્વિટર જોતાં રહો.

## માર્ગોથી પરિચિત થાઓ

નીકળવાનાં ૧૨ નિયુક્ત માર્ગો છે જે વલાસિયા, પેન્રિથ-ઇમુ પ્લેન્સ, રિચમન્ડ-વિંડસર, સાઉથ અને ઇસ્ટર્ન ક્રિક પૂરના મેદાનોમાંથી નીકળવાનો સૌથી ઝડપી અને સલામત માર્ગ પૂરો પાડે છે. (આ તથ્ય પત્રિકાની પાછળનો નક્શો જુઓ).

તમારે એક કરતાં વધુ માર્ગોથી જાણકાર રહેવાની જરૂર છે કારણ કે દરેક પૂર જુદી-જુદી રીતે વર્તે છે અને સ્થળાંતર માર્ગો જુદા-જુદા સ્થળોએ પૂરનાં પાણીથી કપાઇ જઇ શકે છે. કેટલાક માર્ગો પ્રમાણમાં નાના પૂરમાં પણ ખૂબ વહેલાં બંધ થઇ જઇ શકે છે. ઉદાહરણ તરીકે, જ્યારે પૂરનાં પાણી વિંડસરમાં ૧૩.૫ મીટરે પહોંચે છે ત્યારે વિંડસર રોડ કપાય જાય છે, જેની શક્યતા ગમે તે વર્ષે ૨૦માંથી ૧ વખતની છે.

વિશાળ પૂરથી ઊંચાઇવાળા સ્થળાંતર માર્ગોને પણ અસર થઇ શકે છે. જ્યારે વિંડસરમાં પૂરના પાણી તેના રસ્તાના સ્તરની ૧૭.૩ મીટરે પહોંચશે ત્યારે જિમ એન્ડરસન પુલ કપાઇ જશે, જેની શક્યતા ગમે તે વર્ષે ૧૦૦માંથી ૧ છે.

એકવાર તમે તમારા શ્રેષ્ઠ માર્ગો જાણી લો પછી મિત્રો અને સંબંધીઓ સાથે વાત કરો અને જવા માટે કોઇ સ્થળની વ્યવસ્થા કરો. યાદ રાખો કે, દરેક પૂર જુદાં હોય છે તેથી જ્યારે આપવામાં આવે ત્યારે સ્થળાંતર કરવા માટે કટોકટીની ચેતવણીઓનું પાલન કરવું જરૂરી છે

## સંકેતોને અનુસરો

વાહન ચાલકોને માર્ગદર્શન આપવા માટે હોક્સબરી-નેપિયન ખીણમાં ૧૫૦થી વધુ નવા પૂર સ્થળાંતર સંકેતો મૂકવામાં આવ્યાં છે. તેમાં વિવિધ પ્રકારનાં સંકેતોનો સમાવેશ છે, જેમાં પૂરની કટોકટી દરમ્યાન ખોલવા માટે રચાયેલા સંખ્યાબંધ વાળી શકાય તેવા સંકેતોનો પણ સમાવેશ થાય છે, જેથી વાહન ચાલકોને વધારાની દિશાસૂચન મળી શકે.

## પ્રાદેશિક પૂર સ્થળાંતર માર્ગો પર લોકોને સલામત વિસ્તારો તરફ દિશાસૂચન આપવાના માટેના સંકેતો

૪. ચાર રસ્તા પર દિશાસૂચન

૩. વળાંકોની આગોતરી સૂચના

૨. દર્શાવે છે કે તમે હજી પણ માર્ગ પર જ છો

૧. માર્ગની શરૂઆતમાં



# પૂરમાં ખાલી કરવાનાં માર્ગો

## હૉક્સબરી-નેપિયન ખીણ




SES
NSW STATE EMERGENCY SERVICE

**www.ses.nsw.gov.au/flood-awareness-nsw/sydney-rivers/hawkesbury-nepean-valley/** પર વધુ જાણો, અથવા સ્કેન કરીને